# હિંમતનગર ખાતે મહિલા સંમેલન યોજાયું : ૭ આંગણવાડી કાર્યકર-તેડાગરને 'માતા યશોદા' એવોર્ડ અપાયો

હિંમતનગર, તા.૩૧

હિંમતનગરના વૈશાલી સિનેમા ગ્રાઉન્ડમાં શનિવારે મહિલા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં આંગણવાડી કાર્યકરો, તેડાગરો, સખી મંડળની મહિલાઓ ઉપસ્થિત રહી હતી. આ પ્રસંગે ભિલોડા તાલુકાના રંગપુર આંગણવાડી કેન્દ્રના કાર્યકર જયોત્સનાબેન લક્ષ્મણભાઈ તરાલને શ્રેષ્ઠ કામગીરી બદલ રાજયકક્ષાએ માતા યશોદા એવોર્ડ માટે પસંદગી પામતા તેમને રૂ. ૫૧,૦૦૦ના રોકડ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

તે ઉપરાંત જિલ્લા કક્ષાએ ૬ આંગણવાડી કાર્યકર અને તેડાગરોને માતા યશોદા એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા અને ઘટક કક્ષાએ ૧૦૪ લાભાર્થીઓને એવોર્ડ આપવામાં આવ્યો હતો. મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ ૧૯૭ વિદ્યાર્થીનીઓને સહાય વિતરણના ચેક એનાયત કરવામાં આવ્યા હતા. જયારે ૯૮ મહિલા ખેલાડીઓને પુરસ્કાર આપી સન્માનિત કરાયા હતા. હિંમતનગર ખાતે શિક્ષણમંત્રી રમણલાલ વોરાના અધ્યક્ષ સ્થાને અને ગૃહ રાજયમંત્રી પ્રફુલભાઈ પટેલની ઉપસ્થિતિમાં મહિલા સંમેલન યોજાયું હતું. જેમાં રાજયકક્ષાએ તેમજ જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ કામગીરી બદલ પસંદગી પામેલ આંગણવાડી કાર્યકર અને તેડાગરને માતા યશોદા એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. જયારે મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ હેઠળ વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના અંતર્ગત ધોરણ ૭ પાસ થઈ ધોરણ ૮માં પ્રવેશ મેળવેલ અને ધોરણ ૧૦ પાસ થયેલ ગુરૂકૃપા વિદ્યામંદિર દેરોલની વિદ્યાર્થીની કાજલબેન જયંતિભાઈ ચૌહાણ સહિત આઠ વિદ્યાર્થીનીઓને બોન્ડ તેમજ રોકડ પુરસ્કારથી સન્માનિત કરાઈ હતી. જયારે ૧૪ મહિલા ખેલાડીઓને રોકડ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

મહિલા સંમેલનમાં શિક્ષણમંત્રી, ગૃહ રાજયમંત્રી, સંસદીય સચિવ સુંદરસિંહ ચૌહાણે પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. સાંસદ મહેન્દ્રસિંહ ચૌહાણ, જિલ્લા ભાજપ પ્રમુખ જે.ડી. પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ હેમલતાબેન પટેલ, એસ.ટી. નિગમના ડિરેકટર કૌશલ્યા કુંવરબા, સચિવ જયંતિ એસ. રવિ, જિલ્લા કલેકટર જયપ્રકાશ શિવહરે, જિલ્લા વિકાસ અધિકારી રવિકુમાર અરોરા સહિત પદાધિકારીઓ અને અધિકારીઓએ ઉપસ્થિત રહી મહિલાઓને પ્રોત્સાહન પુરું પાડયું હતું. મહિલા સંમેલનને સફળ બનાવવા પ્રાંત અધિકારી પટેલ જિલ્લા પુરવઠા અધિકારી એચ.એમ. જાડેજા, મામલતદાર રાકેશ પટેલ, નાયબ ડી.ડી.ઓ. પટેલ તાલુકા વિકાસ અધિકારી વસંતભાઈ સોલંકીએ આયોજન ગોઠવ્યું હતું.



તસ્વીરઃ-મગન વણઝારા,હિંમતનગર




તસ્વીરઃ-મગન વણઝારા,હિંમતનગર

# મંદિરેથી પાછા ફરતા યુવાનનું માર્ગ અકસ્માતમાં કરૂણ મોત

તલોદ, તા. ૩૧

કોને ખબર હતી કે સાંઈનાથના દર્શન કરી દર્શન ઘરે મૃત હાલતમાં આવશે...! તલોદ તાલુકાના વક્તાપુર ગામ નજીક નવનિર્મિત સાંઈનાથ મંદિરે તલોદનો ૨૧ વર્ષીય યુવાન ભક્તિભાવપૂર્વક દર્શન કરી બાઈક પર પરત તલોદ ફરી રહ્યો હતો ત્યારે માર્ગમાં ઉમીયા માતાજીના મંદિર નજીક યુવાનના બાઈક સાથે અન્ય એક બાઈક અથડાતા સારવાર દરમિયાન તલોદના યુવાનનું કરૂણ મોત નિપજ્યું હતું. આથી પરિવારમાં ભારે શોકની લાગણી ફેલાઈ છે. મળતી માહિતી અનુસાર તલોદ તાલુકામાં રહેતા અને હરસોલ હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા ભરતભાઈ શર્માનો ૨૧ વર્ષીય પુત્ર દર્શન કોલેજના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતો હતો અને ગુરૂવારનો ઉપવાસ કરી શ્રી સાંઈધામ ખાતે દર્શન કરવા જવાની ટેક અન્વયે ગુરૂવારે સાંજે તલોદ બજારના મિત્રોને મળીને હરખાતો હરખાતો શ્રી સાંઈ દર્શન અર્થે વક્તાપુરના સાંઈધામમાં પહોંચ્યો હતો. જ્યાંથી સાંઈ આરતી બાદ પોતાના બજાજ પલ્સર બાઈક નં. જીજે-૯-એકે-૫૦૩૧ ઉપર ઘરે પરત ફરતો હતો ત્યારે લેબહોર ચોકડી પંથકના ઉમીયાધામ આગળથી પસાર થતા તે સમયે સામેથી આવતી બાઈકની જોરદાર ટક્કરનો ભોગ બન્યો હતો. તોરણીયા ગામના મુન્નાભાઈ શંકરભાઈ રાવળ અને વિપુલ દિનેશભાઈ પરમાર હિરોહોન્ડા બાઈક નં. જીજે-૯-એએસ-૭૮૪૯ ઉપર તલોદથી તોરણીયા તરફ જતા હતા ત્યારે ભારે ગફલતને કારણે તેમનું બાઈક દર્શનના બાઈક સાથે જોરદાર રીતે ટકરાયું હતું. પરિણામે બંન્ને બાઈક સવારો રોડ ઉપર બાઈક સાથે જ પટકાઈ પડ્યા હતા. અને ઈજાઓનો ભોગ બન્યા હતા. આ ત્રણેય પૈકી એક દર્શનના માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેઓને તાત્કાલિક તલોદ સરકારી હોસ્પિટલમાં લઈ જવાયો હતો. પરંતુ ઈજાઓ વધુ ગંભીર હોવાથી તેને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવાની ફરડ પડી હતી જ્યાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલથી માત્ર ૨ કિ.મી. જ દૂર અંતરે દર્શને એમ્બ્યુલન્સ વાનમાં આખરી દમ તોડ્યો હતો. દર્શનના મૃતદેહનું પીએમ કરાવી મધ્યરાત્રિ બાદ તેના મૃતદેહનો તલોદ લાવવામાં આવ્યો હતો. જ્યાં આજે વહેલી સવારે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. દર્શનના મોતને પગલે તેના યુવા મિત્રો, પરિવારજનો અને સમાજના લોકોમાં ભારે આઘાતની લાગણી ફેલાઈ છે.




(તસવીર : દશરથ વણઝારા, તલોદ)

# બેંકના કર્મચારીની બેદરકારીથી ગ્રાહકની રકમ અન્યના ખાતામાં જમા

તલોદ, તા. ૩૧

વર્ષો પહેલા ભૂલ વગરના અને ચોકસાઈવાળા વહિવટ માટે બેન્કના વહિવટનું ઉદાહરણ આપવામાં આવ્યું હતું. એમ કહેવાતું હતું કે 'નાણાંકીય વહિવટો બેન્કના વહિવટ જેવા અણીશુદ્ધ હોવા જોઈએ...' આ હકિકત આજે 'ભૂતકાળ' બની ગઈ છે. બેન્કો અને તે પણ કોમ્પ્યુટરાઈઝ્ડ થયા બાદ જે ભૂલો કરી રહી છે તે જોતાં બેન્ક જેવો વહિવટ એ વાત લગભગ ભૂતકાળ બનવા જઈ રહી છે. આ હકિકતને સમર્થન પુરૂ પાડતો એક કિસ્સો દેના બેન્કની તલોદ શાખાના વહિવટમાંથી સપાટી ઉપર તરી આવેલો જણાયો છે. જેમાં બેન્કે એક ગ્રાહકના ખાતામાં જમા આપવાની રૂ. ૭૯૭૪૪ જેટલી માતબર રકમ અન્ય ગ્રાહકના ખાતામાં જમા આવી દઈને મૂળ ગ્રાહકને ભારે આપદામાં ધકેલી દીધો હતો. જે (મૂળ) ગ્રાહકના અન્ય નાણાંકીય વ્યવહારો ઠપ્પ થઈ જતાં સહજભાવે તેઓ માટે આબરૂને લાંછન લાગે તેવી સ્થિતિ પેદા થઈ હતી. જેના ચેક રીટર્ન થતાં બેવડો માર નાહકનો મૂળ ગ્રાહકનો ભોગવવાનો વારો આવ્યો હતો.

બીજી તરફ, જે ગ્રાહકના ખાતામાં રૂપિયા જમા થઈ ગયા હતા તે શિક્ષિત ગ્રાહકે અણધારી જમા થઈ આવેલ રકમનો હિસ્સો ઉપાડી લઈને બેન્કને બ્રહ્મજ્ઞાન કરાવવાનો નિર્ધાર કર્યો હતો. આ ઘટનાની વિગત એવી છે કે, તલોદ તાલુકાના સાગપુર-રોઝડ માધ્યમિક સ્કૂલના શિક્ષકોનું તથા સ્કૂલના પ્રિન્સિપાલ જે.એમ. પટેલનું ખાતું તલોદની દેના બેન્કમાં ચાલે છે. પ્રિન્સિપાલના ખાતા (નં. ૦૩૦૫૧૦૦૩૮૩૧)માં દર મહિને કર્મચારી પગાર કપાતની રકમ બેન્કે જમા આપવાની હોય છે. જે રકમમાંથી પ્રિન્સિપાલ ઈન્કમટેક્ષ, જીવન વિમા અને ક્રેડીટ સોસાયટી વગેરેના નાણાંકીય વ્યવહારો કરતા હોય છે. જેથી આ માસમાં પણ પોતાના ખાતામાં રૂ. ૭૯૭૪૪ બેન્કે તા. ૧૯-૩-૧૨ના રોજ જમા આપી દીધા હશે જ તેમ માનીને ખેરોલ માધ્યમિક શાળા કર્મચારી મંડળીને રૂ. ૫૬૦૦૦ નો ચેક સાબરકાંઠા જિલ્લા સહકારી બેન્કનો આપેલ. જે ચેક 'બેલેન્સના અભાવે' દેના બેન્ક તલોદે રીટર્ન કરતાં ચોંકી ઉઠેલા પ્રિન્સિપાલને કંઈક રંધાયું હોવાની ગંધ આવી હતી. સદર ચેક રીટર્નનો દંડ રૂ. ૧૦૦ પણ દેના બેન્કે તેઓને ફટકારી વસુલ કર્યો હતો. આમ થતાં તેઓની સ્કૂલના વ્યવહારો લથડ્યા હતા અને શાળાની નાણાંકીય સ્થિતિમાં બેન્કની ભૂલના કારણે ડામાડોળ સ્થિતિ સર્જાઈ હતી.

હકિકત શું બની છે તે જાણવા પ્રિન્સિપાલ જે.એમ. પટેલે દેના બેન્કનો સંપર્ક કરતાં જાણવા મળ્યું હતું કે, તેમના ખાતામાં બેન્કે જમા કરવાની રકમ એક મદદનીશ શિક્ષક કિરીટભાઈ કે. પટેલના ખાતામાં જમા આપી દઈને ભારે બેદરકારી દાખવી હતી. જે નાણાંમાંથી કિરીટભાઈએ કેટલીક રકમ ઉપાડી હતી. જે અંતે બેન્કમાં જમા પણ કરાવી દીધી હતી. સાગપુર-રોઝડ શાળાના આચાર્યએ દેના બેન્ક સૂત્રોને પોતાના હક્કની રકમ તત્કાળ જમા આપવા વિનંતી કરી હતી. ત્યારે બેન્કમાંથી જવાબ મળ્યો હતો કે, 'જેના ખાતામાં તમારી રકમ જમા થઈ ગઈ છે તે ગ્રાહક પરત ભરશે ત્યારે જ જમા મળશે.' આમ થતાં એક બેન્ક કર્મચારીની ગફલતનો શિકાર નાહકના સાચા ગ્રાહકને બનવાનો વારો આવ્યો હતો જેથી મૂળગ્રાહકે બેન્કના શાખા મેનેજરને લેખિત અરજી કરી હતી.

# આખરે વડાલીમાં કાયમી સિવિલ કોર્ટ શરૂ કરાઈ

હિંમતનગર, તા. ૩૧

વડાલી શહેરમાં શનિવારે તાલુકાની પ્રજા માટે કાયમી સિવિલ કોર્ટ શરૂ કરવામાં આવી હતી. કોર્ટનું ઉદ્‌ઘાટન પ્રિન્સિપલ ડિસ્ટ્રીક્ટ જજના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઈડર વડાલી બાર એસોસિએશનના વકીલો ઉપસ્થિત રહ્યા હતા.

વડાલી તાલુકાને ઈડરમાંથી વિભાજીત કરી તાલુકાનો દરજ્જો આપવામાં આવ્યો હતો. જેથી શહેરમાં સરકારી, અર્ધસરકારી, શૈક્ષણિક સંકુલો તેમજ વેપારી મથકો મોટાપાયે સ્થપાયા હતા. તાલુકાનો દરજ્જો મળ્યા છતાં વડાલીમાં સિવિલ કોર્ટ ફાળવવામાં આવી ન હતી જેથી લોકોએ ઈડર સિવિલ કોર્ટ જવું પડતું હતું. આથી વડાલી તાલુકાની પ્રજાએ વડાલીમાં સિવિલ કોર્ટ શરૂ કરવા માંગ કરી હતી. પરિણામે તંત્ર દ્વારા નવીન સિવિલ કોર્ટ ફાળવવામાં આવી હતી. જે કોર્ટ શહેરના ઉમિયા પાર્ક વિસ્તારમાં શરૂ કરવામાં આવી છે.

આ કોર્ટનું ઉદ્‌ઘાટન સાબરકાંઠા જિલ્લાના પ્રિન્સિપલ ડિસ્ટ્રીક્ટ જજ ગીતા ગોપીના વરદહસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઈડર તાલુકાના સિનિયર જજ જે.એન. વ્યાસ, જજ જે.પી. શાહ, સિવિલ જજ એ.વી. મન્સુરી, સરકારી વકીલ એ.જે. પટેલ, મદદનીશ સરકારી વકીલ એસ.એમ. દેસાઈ, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડાહ્યાભાઈ પટેલ, જિલ્લા ભાજપના ઉપપ્રમુખ તખતસિંહ હડિયોલ, એસ.ડી. મકવાણા, ભૂપેન્દ્રસિંહ દેવડા, વર્ષાબેન સગર, જયંતિભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. જયારે વડાલીની કાયમી સિવિલ કોર્ટમાં પ્રિન્સિપલ સિવિલ જજ તરીકે જે.એમ. ગજ્જરની નિમણુંક કરવામાં આવી હતી.

# તલોદના તળાવને હર્યુંભર્યું કરવા ગ્રામજનોની માગણી

તલોદ, તા. ૨૯

સમગ્ર ઉત્તર ગુજરાતના ગામડાઓની ખેત જમીનને પર્યાપ્ત માત્રામાં સિંચાઈનો પાણી પુરવઠો મળી રહે તે માટેની યોજનાઓ માત્ર કાગળ ઉપર જ અને સરકારી તંત્રની જાહેરાતો માત્ર ગુલબાંગો જ હોય તે હકિકતને સમર્થન આપતો નમૂનો એટલે સાબરકાંઠા જિલ્લાનું તલોદ ગામનું તળાવ'... લગભગ ૯૦૦ વિઘા ગૌચર જમીનની નજીક આવેલ આશરે ૧૦૦ વિઘા જમીનમાં આવેલ આ વિશાળ તળાવ ઘણા સમયથી ખાલીખમ ભાસી રહ્યું છે.

વિપુલ જળ જથ્થો સમાવવા ભારે સમર્થ એવુ આ વિશાળ તળાવ પાણી માટે જાણે કે તરસી રહ્યું છે. તલોદ અને દહેગામ તાલુકાના મળી લગભગ એક ડઝનથી વધુ ગામોને સિંચાઈના પાણીનો પુરવઠો આ તળાવનું પાણી પુરો પાડી શકે તેમ છે. પરંતુ આ તળાવ ભરવાની તસ્દી મસ્ત મોટી જાહેરાતો કરતા સરકારના કોઈ જવાબદાર તંત્રે લીધી નથી પરિણામે સેંકડો એકર જમીનની ખેત પેદાશોને તથા ગ્રામજનોને અને પશુધનને પણ તંત્ર તરફથી અન્યાય કરવામાં આવી રહ્યો હોવાની રાવ ઉઠવા પામી છે. સાબરકાંઠા જિલ્લાના તાલુકામથક એવા તલોદ બજારની પશ્ચિમે બજારથી માંડ-૧ કિ.મી.ના અંતરે આવેલ 'તલોદ ગામ'નું અતિ ભવ્ય તળાવ ઘણા સમયથી સૂકુ ભઠ્ઠ બનતા શોભાના ગાંઠિયા જેવું ભાસી રહ્યું છે. પંથકમાં આ તળાવ ખેડૂતોની જીવાદોરી સમુ બન્યું હતું પરંતુ ઘણા સમયથી તે વરસાદી પાણીથી કે પાણી પુરવઠાની યોજનાઓ થકી પણ ભરવામાં નહી આવતા હજારો ખેડૂત પરિવારોમાં ભારે આક્રોશની લાગણી પેદા થઈ છે. ગામનું આટલુ મોટુ તળાવ પાણી વિહોણું હોઈ સહજભાવે બોર કૂવાના પાણીના તળ પણ નીચે ઉતરી જતા ધરતીપુત્રોની હાલત, 'જાયે તો જાયે કહાં' જેવી બની બેઠી છે. આ તળાવ-નજીકની સુજલામ-સુફલામ યોજનાની કેનાલમાંથી ભરી દેવામાં આવે તો પણ ભારે આશિષરૂપ બને તેમ છે. તળાવની પાળને અડીને આવેલા કરોડો રૂપિયાની યોજના પૈકીની સુજલામ સુફલામ યોજનાની કેનાલ પસાર થાય છે. છતાં, પાણી પુરવઠા વિભાગ, સિંચાઈ વિભાગ કે અન્ય કોઈ જવાબદાર તંત્રની નજર જાણે કે આ શુભકાર્ય માટે આજદિન સુધી ઠરી હોય તેમ લાગતુ નથી.

# ડિસાના પીએસઆઈ શિલાજીયા ૭૦૦૦ની લાંચ લેતા ઝડપાયા

ડિસા, તા. ૩૧

ડિસા શહેરમાં ગતરોજ તાલુકા પંચાયત ખાતે તલાટી કમમંત્રી બે હજાર રૂપિયાની લાંચ લેતા ઝડપાયાની ચર્ચાઓ હજુ શમી નથી ત્યાં આજ રોજ ફરી શહેરના હવાઈ પિલ્લર વિસ્તારમાં શહેર પી.એસ.આઈ.ને રૂ. ૭,૦૦૦ની લાંચ લેતા એલસીબીની ટીમે રંગેહાથ ઝડપી લેતા ભ્રષ્ટ કર્મીઓ ફફડી ઉઠ્યા છે. મળતી માહિતી મુજબ ડીસા નજીક આવેલા વડલી ફાર્મ ખાતે રહેતા થાનાજી ઉર્ફે ભરત ચમનાજી માળી પાસે અગાઉ થયેલી ફરિયાદના આરોપીને પકડવા માટે ડીસા શહેર પીએસઆઈ ચંદ્રેશકુમાર આત્મારામ શિલાજીયાએ રૂ. ૭૦૦૦ની માંગણી કરી હતી. આથી થાનાજી માળીએ પી.એસ.આઈ.ને સબક શીખવવાના ઈરાદે એન્ટી કરપ્શન બ્રાન્ચમાં હકીકતની ફરિયાદ કરતા એન્ટી કરપ્શનની ટીમે આજરોજ ડીસા શહેરના હવાઈ પિલ્લર વિસ્તારમાં છટકુ ગોઠવ્યું હતું અને ફરિયાદીએ આપેલ વાયદા પ્રમાણે પી.એસ.આઈ. સી.એ. શિલાજીયા લાંચની રકમ લેવા માટે આવી પહોંચતા એસીબીની ટીમે રંગેહાથ ઝડપી લઈ તેમની વિરૂદ્ધ ડીસા શહેર પોલીસ મથકના લાંચ રૂશ્વત લેવાના મામલે ગુનો દાખલ કર્યો હતો અને આ અંગેની વધુ તપાસ વી.આર. પટેલ ચલાવી રહ્યા છે.

# હિંમતનગરમાં મોંઘવારી અને તેલના ભાવવધારાના વિરોધમાં આવેદનપત્ર અપાયું

હિંમતનગર, તા. ૩૧

ગુજરાત સરકાર દ્વારા તેલના ભાવોમાં થઈ રહેલા વધારા અંગે કોઈ પગલા લેવાતા ના હોવાનો આક્ષેપ કરીને શનિવારે હિંમતનગર ખાતે સાબરકાંઠા જિલ્લા મહિલા કોંગ્રેસ સમિતિ દ્વારા રેલી કાઢી કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

ગુજરાત સરકારે છેલ્લા બે માસમાં તેલના વધી રહેલા ભાવ અંગે કોઈ પગલા લીધા ન હોવાના આક્ષેપ કરાયો છે. તેમજ તેલીયા રાજાઓ પાસેથી સમજુતી કરી લીધી હોય તેમ લાગે છે. બીજી તરફ તેલના વેપારીઓને ત્યાં દરોડા પાડી તેલના ભાવો નીચે આવે તે માટે સખ્ત કાર્યવાહી કરવાની પણ માંગણી સાથે કોંગ્રેસ કાર્યાલયથી સંઘ રોડ થઈ કલેક્ટર કચેરી સુધી સાબરકાંઠા જિલ્લા મહિલા કોંગ્રેસ સમિતિ દ્વારા રેલી કાઢી કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું તેમ જિલ્લા મહિલા કોંગ્રેસ સમિતિના પ્રમુખ નિર્મળાબેન પંચાલે જણાવ્યું હતું.


## ગાંધીનગર સમાચાર

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

### સાબરકાંઠા જિલ્લામાં

| | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર) | ૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮ ૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩ ૩૩૩૪૩ |
| અહેમદઉલ્લા શેખ | મોડાસા | ૯૯૧૩૫ ૮૭૧૪૫ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧ ૮૮૭૯૬ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| પ્રવિણભાઈ સોની | મેઘરજ | ૯૪૨૮૫૫૪૯૫૪ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |

### મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં

| | | |
|---|---|---|
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા | ૯૯૭૯૪૦૨૫૩૩ |
| ગણપતભાઈ જોષી | પાલનપુર | ૯૩૭૫૦૭૬૦૬૧ |
| હરેશ જોષી | પાલનપુર | ૯૩૨૮૩૧૧૫૭૫ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |



## વેચવાની છે

મોકાની જગ્યા આશરે ૧૭૦ સ્કે. ફીટ, ઓફીસ, દવાખાનુ, ટ્યુશન, કોમ્પ્યુટર ક્લાસીસ લાયક, સેક્ટર-૨૩ મેઈન રોડ પર

સંપર્ક : ૯૯૨૪૩ ૧૨૯૫૧


## ગુજરાત મેરીટાઈમ બોર્ડ

**જાહેર નિવિદા નં. ૧૧ / ૨૦૧૧-૨૦૧૨**

નાયબ કાર્યપાલક ઈજનેર (બાં.) મરામત જાળવણી અને પેટા વિભાગ, ગુજરાત મેરીટાઈમ બોર્ડ, એરફોર્સ સામે, સેક્ટર-૧૦એ, ગાંધીનગર (ફોન નં. ૨૩૨૩૮૩૪૬, ૪૭, ૪૮) તરફથી ગુજરાત મેરીટાઈમ બોર્ડ વડી ઓફીસના વહીવટી સંકુલમાં અધિકારીઓ / કર્મચારીઓ માટે વર્ષ ૨૦૧૨ના કેન્ટીન ચલાવવાના સીલબંધ ભાવપત્રક માંગવામાં આવે છે.

| અ નં. | કામનું નામ | (૧) ટેન્ડર ફી (૨) અનુભવ (૩) ઈએમડી |
|---|---|---|
| ૧. | ગાંધીનગર સ્થિત ગુજરાત મેરીટાઈમ બોર્ડની વડી કચેરી ખાતે કેન્ટીન ચલાવવા માટેના ભાવપત્રકો મંગાવવા અંગે | (૧) રૂ. ૬૦૦.૦૦ (૨) ૧ વર્ષ ઓછામાં ઓછો (૩) રૂ. ૫૦૦૦.૦૦ |

- કોરા ટેન્ડર પેપર આપવાની છેલ્લી તારીખ : ૧૩-૪-૨૦૧૨
- ભરેલ ટેન્ડર ફક્ત રજી. પોસ્ટ / સ્પીડ પોસ્ટથી પહોંચતા કરવાની છેલ્લી તારીખ ૨૦-૪-૨૦૧૨ ઓફીસ સમય સુધી. વધુ વિગતો તથા શરતો માટે ઉપરોક્ત કચેરીનો રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે. તથા જીએમબીની વેબસાઈટ www.gmbports.org જોવા વિનંતી.
- ભાવપત્રક શક્ય હશે તો બીજા દિવસે ૧૨.૦૦ કલાકે ખોલવામાં આવશે.
- ભાવપત્રક મંજુર/નામંજુર કરવા બોર્ડ અબાધિત હક્ક ધરાવે છે.

માહિતી/૨૭૧૩/૧૧-૧૨


A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

**Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles**
**Aquart | Wall Cladding | Marble Stone * Quartz**

and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD

Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601



ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની

સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES | APOLLO TYRES

રવિવારે શો-રૂમ ૧-૦૦ વાગ્યા સુધી ચાલુ રહેશે

ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૯૪૭૨૮